'અનુભવ'એ માણસે પોતાની ભૂલોને આપેલું દેખાવડું નામ છે
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૬૪ | ૨૪ ઓગષ્ટ ૨૦૧૨, શુક્રવાર, અધિક ભાદરવા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં રિ-સર્વે મહિનામાં પૂર્ણ કરાશે

## ૨૦૧૨ના અંત સુધીમાં જિલ્લાનું મહેસુલી રેકર્ડ નવું થઈ જશે : જિલ્લાનાં ૨૧૦ ગામોમાં ફિલ્ડ-વર્ક સંપન્ન, હવે બાકીનાં ૭૭ ગામોમાં ઝડપી કામગીરી કરાશે

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લામાં ચાલી રહેલ જમીન રિસર્વેની કામગીરી આગામી ૨૦મી સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે એટલુ જ નહિ પણ ૧લી જાન્યુઆરી ૨૦૧૩ સુધીમાં આખા જિલ્લાનુ નવુ મહેસુલી રેકર્ડ આખરી કરી દેવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં રિસર્વેની કામગીરી હાલ જે ચાલી રહી છે તે અંગે મળેલ વિગતો મુજબ જિલ્લાના ૨૧૦ જેટલા ગામોમાં ફિલ્ડવર્કની કામગીરી સંપન્ન થઈ ચુકી છે. બાકી રહેલા ૭૭ ગામોમાં આ કામગીરી પણ ઝડપથી પૂર્ણ થાય તે માટે એજન્સીને તાકીદ કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રિસરવેની કામગીરી સંભાળતી એજન્સી ઈન્ફોટેક એન્ટરપ્રાઈઝને ધીમી કામગીરી બાબતે નોટીસ પણ તંત્ર દ્વારા આપવામાં આવી છે અને ૨૦ સપ્ટેમ્બર સુધીમાં તમામ ગામોની ફિલ્ડવર્કની કામગીરી પુરી કરી દેવા જણાવાયુ છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૭ જેટલા ગામોમાં વાંધા-સૂચનો માપણી બાદ મેળવવા અંગેની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. આ વાંધા-સૂચનોને ૧૫ સપ્ટેમ્બર સુધીમાં આખરી કરવામાં આવનાર હોવાનું જામવા મળેલ છે.

મળતી વિગતો મુજબ તંત્ર દ્વારા બીજા ૪૦ જેટલા ગામોના રેકર્ડ પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે જે આ ગામોની કાર્યવાહી સંપન્ન થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લાના ચાર તાલુકાઓમાં જોઈએ તો ગાંધીનગરના ૭૭ ગામ, માણસાના ૪૭ ગામ, કલોલના ૩૮ અને દહેગામના ૪૭ ગામોની રિસરવેની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. કલોલ અને દહેગામમાં કામગીરી ઝડપથી કરવા માટે તાકીદ કરવામાં આવી છે. જિલ્લાના ૨૮૭ ગામોને આ રિસરવેમાં આવરી લેવામાં આવ્યા છે.

આ રિસરવેની કામગીરીમાં ફિલ્ડવર્ક પૂર્ણ થયા બાદ ડિસેમ્બર સુધીમાં ગામોના રેકર્ડ આખરી કરી દેવામાં આવશે. આ રેકર્ડ આખરી કરાયા બાદ દરેક ખાતેદારને ૭/૧૨નો ઉતારો જે પહેલાં એકજ નકલમાં અપાતો હતો તેને બદલે અલગ-અલગ આપવાનો નિર્ણય કર્યો છે તેની જાહેરાત પણ વિધાનસભાના અંદાજપત્ર સત્ર દરમ્યાન મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે કરી હતી જે ઉલ્લેખનીય છે.

ફિલ્ડ વર્કની કામગીરી પૂર્ણ થયા બાદ વહીવટીય કામગીરી જેવી કે વાંધા અરજીઓનો નિકાલ કરવા, ગામના નવા રેકર્ડ સાથે તેની પ્રસિદ્ધ કરવી વિગેરે હાથ ધરવામાં આવશે. તંત્ર દ્વારા આ માટેનું જરૂરી આયોજન હાથ ધરી દેવામાં આવ્યુંછે. ગાંધીનગર તાલુકાના એક ગામનું રેકર્ડ આખરી કી પ્રસિદ્ધ કરી દેવાયુ છે જ્યારે અન્ય ૮ જેટલા ગામોનું રેકર્ડ આખરી કરવા અંગેની કાર્યવાહી હાલ ચાલી રહી છે જે પણ લગભગ ૧૫ સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

# ઘરના ઘરની યોજના મામલે ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે તડાફડી

## ચૂંટણીના ત્રણ મહિના પહેલા રાજકીય ઉત્તેજનાથી ગાંધીનગરમાં ધમધમાટ : કોંગ્રેસ-ભાજપના કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી



ગાંધીનગર, તા. ૨૩

શહેરી વિસ્તારની મહિલાઓ માટે ઘરનુ ઘર આપવાની કોંગ્રેસે કરેલી જાહેરાતના મુદ્દે આજે રાજ્યના પાટનગરમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે રાજકીય અથડામણ થતાં થતાં રહી જવા પામી છે.

વિધાનસભાની આવી રહેલી ચૂંટણીને લઈ રાજકીય ઉત્તેજનાઓમાં પાટનગર પણ બાકાત રહ્યુ નથી. ગાંધીનગરમાં આજે થયેલા આ રાજકીય માહોલને આગામી દિવસોમાં તીવ્ર ચૂંટણી જંગના એંધાણ આવી રહ્યાનું રાજકીય વર્તુળો માની રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામસામે આવી જતાં તંત્રની મધ્યસ્થીથી ઘર્ષણને ટાળવામાં આવ્યુ હતુ.

શહેરી વિસ્તારની મહિલાઓ માટે ઘરના ઘરનુ કોંગ્રેસે જાહેર કરેલ યોજનાના ફોર્મની નકલોની હોળી કરવાનો કાર્યક્રમ શહેર ભાજપ દ્વારા આપવામાં આવ્યો હતો.

ભાજપના આ કાર્યક્રમની જાણકારી કોંગ્રેસને થતાં તેમણે પણ આ વિસ્તારમાં ફોર્મ વિતરણ કરી તેનો વિરોધ કરવાનો નિર્ણય કરતાં આજે સાંજે બન્ને પક્ષના કાર્યકરો સામ-સામે આવી ગયા હતા.

ઉભી થયેલી સ્થિતિની જાણ થતાં જ તંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને બન્ને પક્ષના કાર્યકરોને સમજાવવાની કામગીરી હાથ ધરી હતી. ભાજપના કાર્યકરો સ્થળ છોડી ગયા હતા.

આ પછી પોલીસ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે પણ ચકમક ઝરી હતી. જો કે થોડીક ઉત્તેજનાઓ બાદ મામલો શાંત પડી ગયો હતો અને કોંગ્રેસના કાર્યકરો પણ વિખરાઈ ગયા હતા.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહથી રાજકીય ઉત્તેજનાનો માહોલ છવાયેલો છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે શહેરમાં પોસ્ટર યુદ્ધ પણ ચાલી રહ્યુ છે.



બેંક કર્મચારીઓની હડતાળ બીજા દિવસે પણ રહેતા સેવા ખોરવાએલી રહી હતી. કર્મચારીઓએ જુદી જુદી માંગણીને લઈને દેખાવો પણ કર્યા હતા.

# રાજ્યના યુવા મતદારોમાં સ્માર્ટ નેતાઓનો દુષ્કાળ

## રાજકારણ જવાન છે પણ લોકોમાં ચૂંટણીનો ઉત્સાહ જગાવે તેવા સ્માર્ટર મુશ્કેલ : ભાજપમાં એકમાત્ર મોદીનો કરિશ્મા : ગુજરાત-ધ રાઇઝ એન્ડ ફોલ

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતના જવાન થયેલા રાજકારણમાં પ્રભાવશાળી સ્માર્ટ નેતાઓનો દુષ્કાળ પડ્યો છે. આગવી તાસીર અને તસવીર બદલાતી જાય છે. સરપંચ થી સંસદની સફર કરનારા નેતાઓ ગુજરાતમાં ખૂબ ઓછા છે. આજે તો પ્રદેશોમાં પણ જનરેશન બદલાઈ ચૂકી છે.

તેટલું જ કામ તેમણે કરવાનું હોય છે. ગુજરાતનો મતદાર સ્માર્ટ થતો જાય છે પરંતુ નેતાઓ સ્માર્ટ બની શકતા નથી. ગુજરાત ભાજપમાં વન ટુ ટેનમાં નરેન્દ્ર મોદી છે તેવું પ્રદેશ કોંગ્રેસના નેતાઓ પણ સ્વીકારે છે. કેબિનેટના બે મંત્રીઓ જયનારાયણ વ્યાસ અને સૌરભ પટેલ મિડીયા પાવર તરીકે જાણીતા પણ સિનિયર થઈ ચૂક્યાં છે. મુખ્યમંત્રીના દાવેદાર પણ છે.

મહુવાના ધારાસભ્ય કનુભાઈ કલસરિયા લોકોને એકત્ર કરી શકે છે પરંતુ તેમની પાસે રાષ્ટ્રીય કક્ષાની પાર્ટી નથી. મહેન્દ્ર મશરૂની હાલત પણ તેવી જ કંઈક છે. કેશુભાઈની નવી પરિવર્તન પાર્ટીમાં ગોરધન ઝડફિયા યુવા નેતા કહી શકાય, પરંતુ હજી પાર્ટીનું વજન વધતું નથી.

**નસીબ આડે પાંદડું :**

**અમિત શાહ, વિઠ્ઠલ રાદડિયા, માયાબેન કોડનાની, ગોરધન ઝડફિયા, સિદ્ધાર્થ પટેલ, કનુભાઇ કલસરિયા, હરિન પાઠક, સુરેન્દ્ર પટેલ, ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, ભરત પંડ્યા, વલ્લભ કથિરીયા**

**ગુજરાતના રાજકારણમાં શાંત રહ્યા પણ ફરી ભડક્યા:**

**કેશુભાઇ પટેલ, કાશીરામ રાણા, ડો.એ.કે.પટેલ, સુરેશ મહેતા, કે.ડી.જેસ્વાણી, ગોરધન ઝડફિયા, પુરુષોત્તમ રૂપાલા, આઇ.કે.જાડેજા**

છટાથી લોકોને એકત્ર કરી શકે તેવા નેતાઓ આંગળીના વેઢે ગણી શકાય તેટલા બચ્યાં છે. એવું કહેવાય છે કે ભાજપમાં ૧ થી ૧૦ નંબર સુધી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી છવાયેલા છે, સામે પક્ષે કોંગ્રેસમાં શંકરસિંહ વાઘેલા હજી ધારે તો હજારો લોકો એકત્ર કરી શકવાની ક્ષમતા ધરાવે છે.

ગુજરાત- ધ રાઇઝ એન્ડ ફોલ... બન્ને પાર્ટીના પોલિટીક્સમાં નેતાઓનો ઉદય થાય છે અને અસ્ત પણ થાય છે...કાલે સુપર પાવર હોય તેઓ આજે ક્યાંય નથી, અને કાલે કોઈ જાણતું ન હતું તેવા નેતાઓની આજે બોલબાલા છે. રાજકારણની

કોંગ્રેસ પાસે રાષ્ટ્રીય કક્ષાએ યુવા નેતાઓની ફોજ છે પરંતુ પ્રદેશમાં અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ અને સિદ્ધાર્થ પટેલને બાદ કરતાં કોઈ યુવાન પ્રભાવશાળી નેતા નથી, અને છે તો લાઈટમાં આવ્યા નથી-આવવા દીધાં નથી.

**નવા નેતાઓનો ઉદય :**

**ગણપત વસાવા, પ્રદિપસિંહ જાડેજા, પ્રફુલ્લ પટેલ, અસિત વોરા, સૌરભ પટેલ, પંકજ પટેલ, નિતીન પટેલ**

ભાજપ પાસે યુવા નેતાઓ છે પરંતુ તેમની પાંખો કપાયેલી છે. પ્રદેશ હાઈકમાન્ડનો આદેશ મળે છે. પ્રદિપસિંહ જાડેજા મંત્રી બન્યાં પછી નેતાપદું ગુમાવી બેઠાં છે. ભરત પંડ્યાને મોકળું મેદાન મળ્યું નથી.

કોંગ્રેસમાં યુવા નેતાઓ છે. ભરત સોલંકી, તુષાર ચૌધરી, જગદીશ ઠાકોર... આ ઉદાહરણ છે. કોંગ્રેસમાં શંકરસિંહ વાઘેલા નેતા છે

જેમના નસીબ આડે પાંદડું આવ્યું છે તેવા ભાજપના નેતા અમિત શાહ કમનસીબ છે. બનાવટી એનકાઉન્ટરના કેસમાં ગુજરાત બહાર છે. એક હરેન પંડ્યા હતા, પણ આજે નથી. રૂપાલાનો સમય આવ્યે ઉપયોગ થાય છે. ૨૦૧૨ની ચૂંટણીમાં યુવા તેજાબી નેતાઓ ગુજરાતના નસીબમાં નથી.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે અમેરિકન કંપનીને રૂા.૫૬ કરોડની કન્સલ્ટન્સી

**(વિશેષ પ્રતિનિધિ)** ગાંધીનગર,તા.૨૩

દુબઈમાં વિશ્વ વિખ્યાત બુર્ઝ ખલીફા ટાવરનું બાંધકામ કરનારી અમેરિકન કંપની ટર્નર-પ્રોજેક્ટને ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું કામ આપી દેવામાં આવ્યું છે. નર્મદા નદીમાં કેવડિયા પાસે ૧૮૨ મીટર ઉંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા મૂકવામાં આવનાર છે.



રાજ્ય સરકારના અંદાજ પ્રમાણે આ પ્રોજેક્ટની કોસ્ટ ૨૫૦૦ કરોડ મૂકવામાં આવી છે અને તેમાં રાજ્યના જાહેર સાહસો પાસેથી ૬૦ કરોડ ઉઘરાવવામાં આવ્યા છે. નર્મદા વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટીની ડિઝાઈન અને એન્જીનિયરીંગ સહિતની તમામ જવાબદારી અમેરિકન કંપનીને સોંપવામાં આવી છે. આ એક એવી પ્રતિમા બનશે કે જે વિશ્વભરમાં ઉંચામાં ઉંચી હશે. કન્સલ્ટન્સી માટે પણ ઉંચી ફી ચૂકવવામાં આવી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ટર્નર-પ્રોજેક્ટ કંપનીને કન્સલ્ટન્સી માટે ૫૬ કરોડ રૂપિયા ચૂકવવાનું નક્કી કર્યું છે. આ કંપની માસ્ટરપ્લાન અને વિવિધ કોન્ટ્રાક્ટરની વિગતોનો દસ્તાવેજ તૈયાર કરીને સરકારને આપશે. કંપનીના જણાવ્યા પ્રમાણે સમગ્ર પ્રોજેક્ટ ૫૬ મહિનામાં તૈયાર કરાશે.

નર્મદા નદીની મધ્યમાં એક ખડક ઉપર આ પ્રતિમા ઉભી કરાશે. પ્રતિમા સુધી પહોંચવા માટે એક પૂલનું નિર્માણ પણ કરવાનું થાય છે જે ૩.૫ કિલોમીટર લાંબો હશે. એ ઉપરાંત અદ્યતન સ્મારક, વિશાળ હોલ, ગાર્ડન હોટલ સહિતની પ્રવાસન સુવિધા ઉભી કરાશે. ભવિષ્યમાં વડોદરાથી મેટ્રો રેલ આ પ્રવાસન સ્થળે લઈ જવાનું રાજ્ય સરકારનું પ્લાનિંગ છે.

**૧૮૨ મીટર ઉંચી પ્રતિમા ૫૬ મહિનામાં પૂર્ણ કરાશે**

# હાઈકોર્ટની નજીક આઈપીએસ અધિકારીની કારનો અકસ્માત

અમદાવાદ, તા.૨૩

ગુજરાત હાઈકોર્ટની બરાબર સામે આઈ.પી.એસ. અધિકારી મોહન ઝાની કારનો અકસ્માત સર્જાયો હોવાની ઘટના બનવા પામી છે. ચિક્કાર દારૂ પીધેલા યુવાને બેફામ રીતે પોતાની કાર ચલાવી આઈ.પી.એસ. અધિકારીની કારને ટક્કર મારી હતી. આ અંગે સોલા પોલીસે ગુનો નોંધી દારૂ પીને બેફામ પણે ગાડી હંકારનાર યુવાનની ધરપકડ કરી છે. ઘટનાની વિગતવાર માહિતીએવી છે કે અગાઉ અમદાવાદ ક્રાંઈમબ્રાંચના જેસીપી રહી ચુકેલા અને હાલમાં પોલીસભવન ખાતે એડીશનલ જીડી તરીકે ફરજ બજાવતા મોહનઝાની સરકારી ગાડીના ડ્રાયવર તરીકે એસ.આર.પી. પો.કો. દેવેન્દ્રસિંહ જયદીપસિંહ ફરજબજાવે છે. ગઈકાલે પો.કો. દેવેન્દ્રસિંહ ગાડી લઈને ગુજરાત હાઈકોર્ટ સામેથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાનમાં એક શખ્સ ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં પોતાની કાર પુરપાટ ઝડપે ચલાવી લાવ્યો હતો અને સરકારી ગાડીના પાછળના ભાગે ટક્કર મારી દીધી હતી.

**જોઈએ છે**

ગુજરાતી / અંગ્રેજી જાણકાર લેડીઝ કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે.

સંપર્ક
મો. : ૭૫૬૭૨૮૫૬૦૧




